


ખેરગામના વેણ ફળિયામાં લોકોના હિતને અવગણીને ગ્રામ પંચાયતે થોડાં વર્ષો પહેલાં ડમ્પિંગ સાઈટ બનાવી દીધી હતી, જેની સામે રજૂઆતો કરવા છતાં પણ ઉકેલ નહીં આવતાં ફરી સરપંચ અને તલાટીને રજૂઆત

# ડમ્પિંગ સાઈટ પર ગ્રામસભા બોલાવો

**વોર્ડ** નં.11 અને 12 તથા આજુબાજુના ગ્રામજનો ખેરગામ સરપંચ અને તલાટી સામે મોરચો માંડવાના મૂડમાં

326 લોકોએ સહી સાથે સરપંચ અને તલાટીને આવેદનપત્ર પાઠવ્યું

ખેરગામ: ખેરગામના વેણ ફળિયાના લોકો ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિકોના હિતને અવગણી ગોચર જમીન પર બનાવી દેવાયેલી ડમ્પિંગ સાઈટને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. આ બાબતે વોર્ડ નં.11 અને 12 તથા આજુબાજુના ગ્રામજનો ખેરગામ સરપંચ અને તલાટી સામે મોરચો માંડવાના મૂડમાં આવી ગયા છે. ઉપરાંત જે જગ્યાએ ડમ્પિંગ સાઈટ બનાવી દેવાઈ છે ત્યાં જ ગ્રામસભા યોજવાની જીદ લઈને બેઠા છે.

ખેરગામના વેણ ફળિયા તથા તેની આજુબાજુના અસરગ્રસ્ત વિસ્તારના રહીશોએ ડમ્પિંગ સાઈડ સામે હવે લડી લેવાનો મૂડ બનાવી દીધો છે. ખેરગામ બજાર વિસ્તારમાંથી દૈનિક ધોરણે જે ઘન કચરો એકત્રિત કરવામાં આવે છે તે કચરાને ખેરગામ ગ્રામ પંચાયત દ્વારા જે જગ્યાએ ઠાલવવામાં આવે છે. તે બ્લોક/સરવે નં.૧૧૪૮ની જમીન ગોચરની જમીન છે. આ જગ્યાની આજુબાજુ એટલે કે ૨૦થી ૩૦ મીટરના અંતરે માનવ વસતી આવેલી છે. આથી ખેરગામ ગ્રામ પંચાયત દ્વારા ગોચરની જમીન માટેના સરકાર તથા સર્વોચ્ચ અદાલત દ્વારા આપેલા વિવિધ દિશાનિર્દેશોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ બાબતે 326 લોકોએ સહી સાથે સરપંચ અને તલાટીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ખેરગામ ગ્રામ પંચાયતના જે-તે વખતના સરપંચોએ કોઈપણ સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા વગર ગેરકાયદે રીતે ઠરાવ કરી ગોચરની જમીનમાં કચરો નાંખવાનું શરૂ કરાયું છે. આ બાબતે ખેરગામના વેણ ફળિયાના રહીશ રામુ ડાહ્યા પટેલે નિવાસી અધિક કલેક્ટરને લેખિત ફરિયાદ કરતાં નિવાસી અધિક કલેક્ટરે તેમના તા.૨૫.૭.૨૦૧૮ના પત્ર દ્વારા ખેરગામ ટીડીઓને આ પ્રશ્ન હલ કરવા માટેના નિર્દેશો આપ્યા હતા. તેના આધારે અરજદાર રામુભાઈને તા.૧૦.૮.૨૦૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, ખેરગામ ખાતે રૂબરૂ હજાર રાખી તાલુકા વિકાસ અધિકારીએ લેખિતમાં ચોમાસાની સિઝન આવતી હોવાથી ચોમાસું પૂર્ણ થયા બાદ તેમની રજૂઆતનો નિકાલ કરવા જણાવાયું હતું. તેમ છતાં ટીડીઓ દ્વારા લગભગ 6 વર્ષ થઈ જવા છતાં કોઈપણ જાતની કાર્યવાહી કરાઈ નથી. બાદ રામુભાઈ તથા આ વિસ્તારના અસરગ્રસ્ત તેમજ વેણ ફળિયાના રહીશ સુમિતકુમાર નવીનચંદ્ર પટેલ દ્વારા સરકારને વિવિધ સ્તરે રજૂઆત કરાઈ હતી. છતાં ખેરગામના તલાટી કમ મંત્રી દ્વારા સુમિતકુમારની વિવિધ રજૂઆતો સંદર્ભે ટીડીઓને સંબોધીને લખેલા તેમના પત્ર ૨૦.૫.૨૦૨૪માં તેમણે ખોટી માહિતી આપી છે કે સૂકા અને ભીંના કચરાનું વિભાજન કરવામાં આવે છે. આ જગ્યા ઉપર કચરો સળગાવાતો નથી. આ ખોટા રિપોર્ટના આધારે ખેરગામ ટીડીઓએ તેમના પત્ર તા.૨૦.૫.૨૦૨૪ મારફત નાયબ જિલ્લા વિકાસ અધિકારીને ખોટો રિપોર્ટ રજૂ કરી સુમિતકુમારની રજૂઆતોને બંધ કરી દેવાઈ છે. જે ખેરગામના તલાટી દ્વારા કરાયેલો ગંભીર ગુનો છે.

વધુમાં જે વિશેષ ગ્રામસભા આયોજિત આ જ જગ્યાએ કરવાં આવે જેથી જે-તે પદાધિકારી સ્થળનું રૂબરૂ નિરીક્ષણ કરે તો તેમને લોકોની રજૂઆતની સાચી પરિસ્થિતિનો ચિતાર મળી શકે. આ ખાસ ગ્રામસભામાં સંબંધિત અધિકારીઓ જેવા કે ટીડીઓ, મામલતદાર, પીઆઈ તથા જે-તે સમયે ગેરકાયદે કાર્ય કરવા માટેના ઠરાવો કર્યો છે તે વખતના સરપંચોને ખાસ હાજરી આપવા જણાવાયું છે.



### કચરાને કારણે ભૂગર્ભ જળ અને ખેતીને અસર

20,000થી વધુ વસતી ધરાવતા ખેરગામ નગરમાં સમસ્યાની ભરમાર છે ત્યારે સૌથી મોટો પ્રશ્ન ગટર અને ડમ્પિંગ સાઈટનો છે. ખેરગામ ગ્રામ પંચાયતના જે-તે વખતના શાસકોને કારણે આજે સમસ્યા ગંભીર બની રહી છે. હાલમાં જે સ્થિતિ છે એ મુદ્દે પણ ઉકેલ નહીં આવતાં લોકો કંટાળી ગયા છે. આવી ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે. જે એક ખૂબ જ ચિંતાનો વિષય છે. પ્રદૂષણના કારણે અસરગ્રસ્ત વિસ્તારના રહીશોનાં સ્વાસ્થ્યની સમસ્યા, હવા, ભૂગર્ભ જળને અસર થઈ રહી છે. ખેતીનો પણ દાટ વળી રહ્યો છે.

# આમધાનાં આયુર્વેદપ્રેમી મંજુલાબેનને પદ્મશ્રી અને નારીશક્તિ એવોર્ડ માટે પ્રયાસ

**મંજુલાબેન** પટેલ 35 વર્ષથી ભારતની પ્રાચીન આયુર્વેદિક વનસ્પતિઓ ઉપર સંશોધન, સંવર્ધન અને જાગૃતિ માટે કામ કરે છે

ગુજરાતમિત્ર EXCLUSIVE

### કપરાડાનો એક ડુંગર મંડળીને ફાળવી ઉપર આયુર્વેદિક લુપ્ત વનસ્પતિઓ ઉગાડી તેનું સંવર્ધન કરાશે

ધારાસભ્ય રમણ પાટકરે જણાવ્યું કે, સ્થાનિક આયુર્વેદિક વનસ્પતિઓનું જ્ઞાન ધરાવતા વૈદોને અહીં જ પ્રાચીન જડીબુટ્ટી મળી રહે એ માટે કપરાડાના કોઈ એક ડુંગર આયુર્વેદિક ઔષધિઓ ઉગાડવા ફાળવવામાં આવે એ માટે તેઓ ટ્રાઈબલમાં રજૂઆત કરશે. 31 તારીખે આ જ મુદ્દે બેઠકનું પણ આયોજન કરાયું છે.

### વૈદો 1 હજારથી વધુ વનસ્પતિની ઓળખ કરી શકે છે

મંજુલાબેન કહે છે કે, કુદરત સાથે સંપર્કમાં રહેવું એ કોરોના કાળે શીખવ્યું છે. હું અને મારી ટીમ સતત લુપ્ત થઈ રહેલી વન ઔષધિઓનું સંવર્ધન, જતન, ઓળખ કરી તેને જીવંત રાખી લોકોની સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલી દૂર કરવાનો પ્રયાસ કરીએ છે. તમારી કામગીરી જોઈ પદ્મશ્રી અને નારીશક્તિ એવોર્ડ માટે બાયફ દ્વારા શરૂ કરાયેલી પ્રક્રિયા અંગે ખુશી વ્યક્ત કરી જણાવ્યું કે તો વન ઔષધિઓ દેશ-વિદેશ સુધી પહોંચી જશે. તેનો સીધો લાભ લોકોને થશે. મહિનાના પ્રથમ શુક્રવારે કપરાડા તાલુકાના તમામ વૈદો ભેગા થઈ વનસ્પતિ અને જડીબુટ્ટીની માહિતીની આપ-લે કરીએ છે. નવી જાણકારી આપીએ છીએ. વનસ્પતિઓ મારા ઘરે પણ ઉગાડી છે. તો કેટલીક જંગલોમાંથી શોધી લાવું છું. કપરાડા તાલુકામાં આવેલા વૈદો કેન્સર, લકવો, કમર, હઠીલા રોગો, સ્ત્રી રોગો, લકવા સહિતના રોગોનો ઈલાજ કરે છે. વૈદો 1 હજાર કરતાં વધુ વનસ્પતિઓની ઓળખ કરી શકે છે.

વલસાડ: કપરાડાના વૈદો સાથે સહયોગ કરી છેલ્લાં 35 વર્ષથી પ્રાચીન આયુર્વેદિક વનસ્પતિઓનું સંશોધન, સંવર્ધન અને જાગૃતિ સહિતના મુદ્દે કામ કરતી આમધા ગામની આદિવાસી મહિલા મંજુલાબેનને નારી શક્તિ એવોર્ડ અને પદ્મશ્રી એવોર્ડ મળે તે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાનું કપરાડા બાયફના અધિકારી જીતીન સાઠેએ કપરાડાના આમધા ખાતે વસુંધરા ચેરિટેબલ ટ્રસ્ટ નિલોસી દ્વારા યોજાયેલા આદિવાસી પરંપરાગત વૈદુઓ દ્વારા વૈદુ તથા ઔષધિય વનસ્પતિ વૈદુઓની ઉજવણી કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું. જેમાં તેમણે રાજકીય પદાધિકારીઓનો સહયોગ માંગ્યો હતો.

ધારાસભ્ય રમણ પાટકર અને જીતુ ચૌધરીએ કપરાડાના વૈદોને આયુર્વેદ સેન્ટર બનાવવા શક્ય એટલો સહયોગ તેમને મળે એ માટે સરકારમાં રજૂઆત કરાશે તેવું જણાવ્યું હતું. વર્તમાન સમયે જ્યારે કેન્સર, એઇડ્સ સહિતના રોગોએ માઝા મૂકી છે, મોંઘીદાટ એલોપથી દવાઓથી કંટાળેલા લોકો હવે આયુર્વેદ તરફ વળી રહ્યા છે તેમ ધારાસભ્ય રમણ પાટકરે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, સ્થાનિક વૈદોને જરૂરી જડીબુટ્ટી મળી રહે એ માટે કપરાડા તાલુકામાં એક ડુંગર રજિસ્ટર થયેલી મંડળીને મળે એ માટે ટ્રાઈબલ વિભાગમાં તેઓ રજૂઆત કરશે. જેથી ડુંગર ઉપર તેઓ ઔષધિય વનસ્પતિઓ ઉગાડી શકે. ધારાસભ્ય જીતુ ચૌધરીએ જણાવ્યું કે, નવા યુગમાં લોકો સુવિધાઓ માંગે છે, ત્યારે વૈદો પણ તેમના આયુર્વેદ સેન્ટરમાં સુવિધાઓ વધારે. વૈદોને ટ્રેનિંગ, માર્ગદર્શન સહયોગ આપતી કપરાડા બાયફના અધિકારીને જણાવ્યું કે, તેઓ એક મોડલ આયુર્વેદ સેન્ટર બનાવે અને તે મુજબ અન્ય સેન્ટર બને, આ માટે તેઓ સરકારમાં રજૂઆત કરશે. કાર્યક્રમમાં જિ.પં. પ્રમુખ મનહર પટેલ સહિત રાજકીય આગેવાનો અને સિનિયર વૈદ સોનિયાભાઈ ગાયકવાડ સહિત વૈદો ઉપસ્થિત રહ્યા હતા.



# આદિવાસી વિદ્યાર્થી સાથે મોરખલ બસમાં ગેરવર્તણૂકનો વિવાદ વકર્યો

**જવાબદારો** સામે કાર્યવાહી અન્યથા બસ રોકો આંદોલનની આગેવાનોની ચીમકી

વલસાડ: 12મી ઓગસ્ટે વલસાડ એસ.ટી ડેપોથી બપોરે ઉપડતી વલસાડ મોરખલ બસમાં ખાનગી કંપનીમાં કામ કરતા કર્મચારી દ્વારા કપરાડાના આમધા ગામના આદિવાસી યુવાન સાથે ચાલુ બસમાં કરેલી ગેરવર્તણુક અને સીટ ઉપરથી ઉઠાડી મૂકવાના વિદ્યાર્થી દ્વારા કરાયેલા આક્ષેપ બાદ આદિવાસી સંગઠન લાલઘૂમ થયો છે. ઘટનાના ગંભીર પડઘા પડ્યા છે. ઘટનાનો વીડિયો વાઇરલ પણ થયો હતો. જેના પગલે ધરમપુરના આદિવાસી નેતા કલ્પેશ પટેલએ બુધવારે નાનાપોંઢા ખાતે આવી પહોચી મોટી સંખ્યામાં ઉપસ્થિત આદિવાસી આગેવાનો, યુવાનો સાથે રેલી આકારે પહોચી પોલીસ મથકે આવેદનપત્ર આપી ઘટનામાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. જો કોઈ કાર્યવાહી ન થશે, તો બસ રોકો આંદોલન કરાશે તેમ જણાવ્યું હતું. જોકે પોલીસે ઘટનાની સંપૂર્ણ તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે આદિવાસી આગેવાન દિવ્યેશ પટેલ, મોટાપોંઢા સરપંચ રણજીત પટેલ સહિત યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટનામાં વલસાડ એસ.ટી. ડેપો મેનેજર અનિલભાઈ અટારાએ જણાવ્યું કે ઘટનાની માહિતી મળી છે. હાલ તપાસ કરી ડ્રાઈવર કન્ડક્ટરની જો બેદરકારી હશે તો નિયમ અનુસાર કાર્યવાહી કરાશે.

આદિવાસી આગેવાન કલ્પેશ પટેલે જણાવ્યું કે આદિવાસી વિદ્યાર્થી સાથે મોરખલ બસમાં મુસાફરી કરતા મોરખલ કંપનીના એક કર્મચારી દ્વારા કરાયેલ દુર્વ્યવહાર અને સીટ ઉપરથી ઉઠાડી મૂકવાની ઘટના અત્યંત ગંભીર છે. જેને ચલાવી નહિ લેવાય. જે મુદ્દે અમે આગેવાનો સાથે નાનાપોંઢા પોલીસ મથકે આવ્યા છે અને આવેદનપત્ર આપ્યું છે. જવાબદારો સામે કાર્યવાહીની માંગણી કરી છે. જો યોગ્ય કાર્યવાહી ન થશે તો બસ રોકો આંદોલન કરાશે, તેમ જણાવવા સાથે બસના ડ્રાઈવર અને કન્ડક્ટરની નિષ્ક્રિયતા પણ ઘટનામાં હોઈ તેમની સામે પણ પગલાં લેવામાં આવે.

# વલસાડ જિલ્લામાં 78માં સ્વતંત્રતા પર્વની ઉજવણી પારડીમાં કરાશે

**પોલીસ** પરેડ, વિદ્યાર્થીઓ દ્વારા રિહર્સલ કરી આખરી ઓપ આપવામાં આવ્યો



પારડી: વલસાડ જિલ્લામાં જિલ્લાકક્ષાની ઉજવણી 15 ઓગસ્ટને ગુરૂવારે સવારે ૯ કલાકે પારડી કુમાર કન્યાશાળાના મેદાન પર થશે. રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માના વરદ્દહસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં જાહેર જનતાને પણ સહભાગી થવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. ત્યારે 15 ઓગસ્ટના એક દિવસ પૂર્વે આજરોજ પારડી કુમાર શાળાના મેદાને સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના ભાગરૂપે સવારે એસપી ડો. કરણરાજ વાઘેલા, ડીવાયએસપી એ.કે. વર્મા, પ્રાંત અધિકારી અંકિત ગોહિલ તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું. પોલીસ પરેડ, વિદ્યાર્થીઓ દ્વારા રિહર્સલ કરી આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

# ઉમરગામની જ્વેલર્સમાં તસ્કરો ત્રાટક્યા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર

ઉમરગામ: ઉમરગામ સોળસુંબામાં આવેલા ડિમ્પલ જ્વેલર્સમાં રાત્રે ત્રાટકેલા તસ્કરોએ દુકાનના તાળા તોડી સોના ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી ગયા હતા, ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

ઉમરગામ સ્ટેશન સોળસુબા વિસ્તારમાં આવેલ ડિમ્પલ જ્વેલર્સ નામની સોના ચાંદીની દુકાનમાં રાત્રિના સાડા બારથી દોઢેક વાગ્યાના સુમારે અજાણ્યા ચાર જેટલા ચોર ઈસમો દુકાનના તાળા તોડી દુકાનમાં પ્રવેશ્યા હતા અને સોના ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી ગયા હતા. દુકાનમાં ચોરી થયાનું માલુમ થતાં ઘટનાની જાણ ઉમરગામ પોલીસને કરવામાં આવતા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતાં ચાર અજાણ્યા ચોરો જણાયા હતા. ઉમરગામ પોલીસે ચોર ઈસમોને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે

### દાનહના રૂદાના ખાતેથી ગેરકાયદે ખેરનાં લાકડાં ઝડપાયાં

સેલવાસ: દાનહના રૂદાના ખાતેથી વનવિભાગે ગેરકાયદે ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ખાનવેલ રેન્જ ફોરેસ્ટ ઓફિસરને આધારે રાઉન્ડ ફોરેસ્ટ ટીમ સાથે વોચ ગોઠવી હતી. તા.14 ઓગસ્ટના રોજ રૂદાના અનામત જંગલ સર્વે ન.185માં કોઈક ઈસમોએ બિનપરવાનગીથી પ્રવેશ કરી ખેર ઝાડ 8 જેટલા કાપી ટુકડા કરી 42 નંગ ગંડેરા પાડી રાખ્યા હતા. જે કુલ 2.773 ઘનમીટર હતું. બાતમીના આધારે ફોરેસ્ટ પેટ્રોલીંગ દરમિયાન મુદ્દામાલ તથા ટેમ્પો સહિત પકડી જપ્ત કરવામાં આવેલ છે. વન વિભાગની ટીમ જગ્યા પર પહોંચતા ગુન્હેગાર ટેમ્પો છોડીને અંધારુ અને વરસાદનો લાભ લઈને ભાગી ગયા હતા.

# વાપી ડુંગરામાં ફ્લેટ વેચાણ પેટે રૂ.11.50 લાખ મેળવી લીધા બાદ પણ લોનના હપ્તા નહીં ભરી છેતરપિંડી

**દિલ્હી** રહેવા જવાનું છે અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાની જણાવી રકમ પડાવી હતી

વાપી: વાપી ડુંગરામાં રહેતા શખ્સ દ્વારા હોમલોનના હપ્તા ભરી લોન કલીયર કરી આપવાનો વિશ્વાસ કર્મકાંડ કરનારને આપી તેની સાથે ફ્લેટ વેચાણ પેટે રૂ.11.50 લાખ મેળવી લીધા બાદ પણ લોનના હપ્તા નહીં ભરી વિશ્વાસઘાત કરતાં વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી હતી. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મૂળ યુપી અને હાલ વાપીના ડુંગરા, હરીયા પાર્કમાં રાજ હિર્દયકુમાર મિશ્રા (ઉ.આ.30) પરિવાર સાથે રહે છે અને તેઓ કર્મકાંડ પૂજા કરે છે. તેની ઓળખાણ ડુંગરામાં રહેતા રમેશકુમાર પ્રિતમસીંગ સાથે થઈ હતી. રમેશકુમારે તેને જણાવ્યું હતું કે, દિલ્હી રહેવા જવાનું છે અને આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. પત્નીના નામે ફલેટ છે, જે રૂપિયા 18 લાખમાં વેચાણ કરવાનો છે. આ ફ્લેટ રાજ મિશ્રાએ વેચાણથી લેવા માટે તેણે જુદી-જુદી તારીખે ગુગલ પે, ચેક દ્વારા રૂપિયા 11,50,555/- જમા કરાવેલા હતાં. ત્યારબાદ તેને હોમલોન કલીયર કરી આપવાનું જણાવ્યું હોવા છતાં તેણે લોનના રૂપિયા ભર્યા ન હતાં. જે બાદ ફ્લેટધારક રમેશકુમારના પત્નીનો સંપર્ક કરતા તેઓએ વેચાણ દસ્તાવેજ વાપી સબરજીસ્ટર કચેરીએ કરેલ હતો. જો કે, લોનના રૂપિયા ભર્યા ન હોવાથી અને લીધેલ રકમ પરત કરી ન હોય જેથી તેની સાથે વિશ્વાસઘાત થયાની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં રાજ મિશ્રાએ નોંધાવી હતી.

### વલસાડ દશામાની ભાવભીની વિદાય



વલસાડ શહેરમાં દશામાની દસ દિવસ ભક્તિ પુર્વક ઉજવણી કર્યા બાદ ગત રાત્રે વલસાડના ઔરંગા નદી કિનારે 100 થી વધુ લોકોએ દશામાંનું વિસર્જન કરાયું હતું

### મધુબન ડેમ તિરંગા રોશનીથી ઝગમગી ઊઠ્યો



15મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગ રૂપે મધુબન ખાતે આવેલા મધુબન ડેમનો તિરંગાની લાઈટથી સુશોભીત કરવામાં આવ્યો હતો.

# 21 વર્ષ અગાઉ વલસાડ હાઈવે પર લૂંટ કરનાર આરોપી પકડાયો



વલસાડ: વલસાડ પોલીસ સતત 'કાનૂન કે હાથ લંબે હોતે હૈ' ડાયલોગને સિદ્ધ કરી રહી છે. 21 વર્ષ પહેલાં વલસાડ નજીક હાઈવે પર એક ટ્રક રોકી રોકડા રૂપિયા અને માલ સામાનની લૂંટ કરનાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

વલસાડ નજીક હાઈવે નં. 48 પર 21 વર્ષ અગાઉ એક ટ્રકને અટકાવી તેના ચાલક પાસેથી રોકડા રૂપિયા 8500 અને 20 ટન તાંબાની પ્લેટ મળી કુલ રૂપિયા 47,58,500ની મત્તાની લૂંટ થઈ હતી. આ ઘટનામાં એક આરોપી પોલીસને હાથ તાળી આપી રહ્યો હતો અને ફરાર થઈ ગયો હતો. હાલ વલસાડ જિલ્લા પોલીસ વડા ડો.કરનરાજ વાઘેલાએ પોલીસ ચોપડે વોન્ટેડ એવા આરોપીઓને પકડવા હાથ ધરેલા અભિયાનમાં રૂરલ પોલીસ પાસે આ લૂંટનો કેસ ખોલાવ્યો હતો. જેમાં એલસીબી પીઆઈ ઉત્સવ બારોટની ટીમે આ કેસમાં વોન્ટેડ એવા રમેશ કીટા પૂજારી (ઉ.વ.62 રહે. બાન્દ્રા ઈસ્ટ મુંબઈ)ને પકડી પાડ્યો હતો. જેની ધરપકડ કરી પોલીસે તેની તપાસ કરતાં તેના વિરૂદ્ધ મહારાષ્ટ્રમાં 4 અને આણંદમાં 1 ગુનો નોંધાયો હોવાનું બહાર આવ્યું હતુ.

### વાપી GIDCમાંથી બાઈકની ચોરી

વાપી: પારડી તાલુકાના ઉદવાડા, કીકરલા પટેલ ફળિયામાં રહેતા અને વાપી જીઆઈડીસીમાં કામ કરતાં બિપિન રાજુભાઈ હળપતિ (ઉ.વ.29) રાબેતા મુજબ તેઓ બાઈક લઈને કંપનીએ ગયા હતા અને કંપની બહાર બાઈક પાર્ક કરી હતી. જે કંપનીનું કામકાજ પતાવી પરત આવ્યા ત્યાં સુધી તેની બાઈક કોઈ ચોર ઈસમ ચોરી કરી ગયો હતો.

### વલસાડના હિંગરાજ ગામે સપ્તાહ મહોત્સવનું આયોજન

વલસાડ: હિંગરાજ ગામે પ્રાચીન હિંગળાજ માતાજી મંદિર તથા માછીપંચ ચેરીટેબલ ટ્રસ્ટ શક્તિપીઠ દ્વારા શ્રી હિંગળાજ માતાજી સપ્તાહ મહોત્સવનું આયોજન તા.10 થી 17 ઓગસ્ટ દરમિયાન કરાયું છે.

# મહિલા બેંક સાથે ઠગાઈ કેસમાં 3 આરોપીના આગોતરા જામીન નામંજૂર

**વલસાડની** મહિલા નાગરિક સહકારી બેંક સાથે રૂપિયા 4.8 કરોડની ઠગાઇ કરી હતી

વલસાડ: વલસાડની મહિલા નાગરિક સહકારી બેંક સાથે રૂપિયા 4.8 કરોડની ઠગાઈ કરનારા 3 આરોપીએ સંભવિત પોલીસ ધરપકડથી બચવા માટે જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સુનાવણી હાથ ધરાતા સેસન્સ જજ વી. કે. પાઠકે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલોને ગ્રાહ્ય રાખી એક મહિલા આરોપી સહિત 3 આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે. મહિલા બેંકમાં બનાવટી દસ્તાવેજો બનાવી ગુનાહિત વિશ્વાસઘાત કરનારા સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં પોલીસે તાજેતરમાં જ બાબુ જયેશ સિંહ ઠાકુરની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેની પત્ની કવિતા જયેશસિંહ ઠાકુર, તેના અન્ય સાથી કમલેશ ભોયા અને જીજ્ઞેશ પટેલે પોલીસ ધરપકડથી બચવા માટે વલસાડની સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સૂનાવણી હાથ ધરાતા જજે આ જામીન અરજી નામંજૂર કરી દીધી છે.